શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી, ENT સર્જરી અને
ડાયાલીસીસ ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ


સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક
(Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪,ત્રિભુવન કોમ્પલેક્ષ,પીઝાહટની બાજુમાં,ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કિંગની વ્યવસ્થા)

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૩ કારતક સુદ બારસ શનિવાર ૨૧ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ - અંક : ૮

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

કાશ્મીર સહિત ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી શરૂ



ઓડિશામાં અકવાન વાવાઝોડું ત્રાટક્યું

ગોપાલપુરના કાંઠે સવારે આઠ વાગ્યે લેન્ડફોલ શરૂ થયું, વાવાઝોડાની અસરથી ભારે વરસાદ

કોઇ જાનહાનિના અહેવાલ નહીં, કોઇ મોટા નુકસાનના પણ અહેવાલ નહીં, પર્યટન સ્થળો બંધ

ભુવનેશ્વર, તા. 20 (PTI): શુક્રવારે સવારે ગોપાલપુરના દરિયાકાંઠા નજીક ત્રાટકેલા 'અકવાન' વાવાઝોડાને કારણે ઓડિશામાં કોઈ મોટા નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી, જો કે હવામાન પ્રણાલીની અસર હેઠળ રાજ્યમાં ભારે વરસાદ પડ્યો છે, તેમ રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સુરેશ પૂજારીએ જણાવ્યું હતું.

ભારતીય હવામાન વિભાગ(IMD)એ એક બુલેટિનમાં જણાવ્યું હતું કે વાવાઝોડાના જમીન પર ત્રાટકવાની પ્રક્રિયા સવારે ૮ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી અને સવારે ૧૧.૨૦ વાગ્યા સુધીમાં પૂર્ણ થઈ હતી. IMDએ તેના સવારે ૧૧.૨૦ વાગ્યાના બુલેટિનમાં જણાવ્યું હતું કે, ચક્રવાતી તોફાન 'અકવાન' સવારે ૭.૩૦ થી ૮.૩૦ વાગ્યાની વચ્ચે ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અને ૯૦ કિમી પ્રતિ કલાકના વેગ સાથે ગોપાલપુર નજીક દક્ષિણ તટીય ઓડિશા અને ઉત્તર આંધ્રપ્રદેશને પાર કરી ગયું

...અનુસંધાન પાના 5 પર

દિલ્હીમાં સિઝનનો અત્યાર સુધીનો સૌથી ઠંડો દિવસ

'અકવાન' વાવાઝોડાની અસરથી દક્ષિણ, પૂર્વ અને મધ્યના આઠ રાજ્યોમાં વરસાદી કે ભેજવાળું વાતાવરણ, રાજસ્થાનમાં પણ ઠંડીનો ચમકારો

નવી દિલ્હી, તા. 20 : દેશના હવામાનમાં અત્યારે બેવડો અને અત્યંત તીવ્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. એક તરફ ઉત્તર ભારતના પહાડી રાજ્યોમાં બર્ફીલા પવનો અને તાપમાન શૂન્યથી નીચે જવાને કારણે કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે, તો બીજી તરફ બંગાળની ખાડીમાંથી ઉઠેલા ચક્રવાતી તોફાન 'અકવાન'એ દેશના પૂર્વી, મધ્ય અને દક્ષિણી ભાગોના 8 રાજ્યોમાં જનજીવનને પ્રભાવિત કર્યું છે. જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં લઘુત્તમ તાપમાન માઈનસ 3.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જેની સીધી અસર રાજધાની દિલ્હી અને મેદાની વિસ્તારોની ઠંડી પર પડી છે. બીજી બાજુ, ચક્રવાત 'અકવાન' આજે સવારે ઉત્તરી આંધ્ર પ્રદેશ અને દક્ષિણી ઓડિશાના દરિયાકાંઠાને પાર કરી ગયું છે.

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં થઈ રહેલી હિમવર્ષા અને સૂકા ઉત્તર-પશ્ચિમી પવનોએ સમગ્ર ખીણને ઠંડીની લપેટમાં લઈ લીધી છે. ભારતીય હવામાન વિભાગ(IMD) ના આંકડા મુજબ, ગુરુવારે દક્ષિણ કાશ્મીરનું શોપિયાં સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું, જ્યાં લઘુત્તમ તાપમાન -3.4C સુધી ગગડી ગયું હતું. પ્રસિદ્ધ પર્યટન સ્થળ પહલગામ

...અનુસંધાન પાના 5 પર



અનંતનાગ જિલ્લાના કોકરનાગમાં થીજવી દે તેવા તાપમાન વચ્ચે ડાળીઓ પર બરફના કણો જામેલા દેખાય છે.

'ગગનયાન'નું પ્રથમ માનવરહિત પ્રક્ષેપણ હવે ફેબ્રુઆરી 2027 પહેલા મુશ્કેલ

મિશનની સુરક્ષા અને વેલિડેશન માટે વધારાના સિમ્યુલેશન ચાલુ

અર્ધ-હ્યુમનોઈડ રોબોટ વ્યોમમિત્ર સાથે G1 ફ્લાઈટમાં LVM3 અને લાઈફ-સપોર્ટ સિસ્ટમ ચકાસાશે

નવી દિલ્હી, તા. 20: ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) ના મહત્વાકાંક્ષી માનવ અવકાશ ઉડાન કાર્યક્રમ 'ગગનયાન'નું પ્રથમ માનવરહિત પ્રક્ષેપણ હવે ફેબ્રુઆરી 2027 પહેલા થવાની શક્યતા ઓછી છે. ઈસરોના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મિશનની સંપૂર્ણ સુરક્ષાને પ્રાથમિકતા આપવા માટે વધારાના સિમ્યુલેશન, વેલિડેશન કવાયત અને ટેકનિકલ મૂલ્યાંકન ચાલી રહ્યા છે, જેના કારણે અગાઉ ડિસેમ્બર 2026 માટે નક્કી કરાયેલું સમયપત્રક લંબાઈ શકે છે. હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર

...અનુસંધાન પાના 5 પર



ગેંગસ્ટર ગોલ્ડી બરાર કેનેડાની મોસ્ટ-વોન્ટેડ યાદીમાં ટોચ પર

ઓટ્ટાવા, તા. 20 (PTI): કેનેડાની પોલીસે 2023માં વિનિપેગ ખાતે હરીફ ગેંગના એક કથિત સભ્યની હત્યાના કેસમાં સતિન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બરારનું નામ પોતાની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ કર્યું છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, 32 વર્ષીય બરાર સામે ફર્સ્ટ-ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરું ઘડવાના ગંભીર આરોપો હેઠળ વોરંટ જારી કરવામાં આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ, તે સમગ્ર કેનેડામાં અનેક પ્રકારના ગુનાઓને અંજામ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો હોવાની આશંકા છે. બીજી તરફ, કેનેડિયન પોલીસ સેવાઓ સાથે સહયોગ કરતી જાહેર સુરક્ષા પહેલ 'બોલો પ્રોગ્રામ' (BOLO Programme) દ્વારા ગુરુવારે જાહેર કરાયેલા કેનેડાના 25 મોસ્ટ-વોન્ટેડ ભાગેડુઓની યાદીમાં બરાર પ્રથમ સ્થાને રહ્યો છે. કેનેડા અથવા અમેરિકામાં તેની ધરપકડ તરફ દોરી જતી કોઈપણ માહિતી આપનારને 2,50,000 કેનેડિયન ડોલર સુધીનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. વિનિપેગ પોલીસ 20 સપ્ટેમ્બર, 2023ના રોજ થયેલી 39 વર્ષીય સુખદૂલ સિંહ ગિલ ઉર્ફે સુખા દુનેકેની હત્યાના કેસમાં બરારને શોધી રહી છે. આ ઉપરાંત, જૂન 2023માં બ્રિટિશ કોલંબિયામાં થયેલી ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સહિત અન્ય બે હત્યા કેસોમાં પણ પોલીસને તેની તલાશ છે. પંજાબના શ્રી મુક્તસર સાહિબનો વતની બરાર 2017માં સ્ટુડન્ટ વિઝા પર કેનેડા ગયો હતો. અગાઉ અમેરિકાની FBIએ પણ તેની ધરપકડ માટે 1 મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું, જ્યારે ભારત સરકારે તેને યુએપીએ હેઠળ ત્રાસવાદી જાહેર કર્યો છે.

સાંસ્કૃતિક જોડાણ એ વૈશ્વિક શાંતિની સૌથી મજબૂત ખાતરી: પીએમ મોદી

દિલ્હીમાં પ્રથમ SCO સિવિલાઇઝેશનલ ડાયલોગ ફોરમનું ઉદ્ઘાટન

પાકિસ્તાનના મંત્રી સહિત સભ્ય દેશોના પ્રતિનિધિઓની હાજરી

યુદ્ધ અને અશાંતિની ચર્ચા વચ્ચે સભ્યતાગત સંવાદ વિશ્વને દિશા આપી શકે: મોદી

નવી દિલ્હી, તા. 20 (PTI): નવી દિલ્હીમાં પ્રથમ શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ)ના સિવિલાઇઝેશનલ ડાયલોગ ફોરમનું ઉદ્ઘાટન કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું કે સાંસ્કૃતિક જોડાણ એ વૈશ્વિક શાંતિની સૌથી મજબૂત ખાતરી છે અને એસસીઓના સભ્ય દેશો વચ્ચે સાંસ્કૃતિક તથા સભ્યતાગત સહકાર આ સંબંધોને વધુ મજબૂત બનાવી શકે છે.

પાકિસ્તાનના મંત્રી મુસાદિક મલિક સહિત વિવિધ એસસીઓ દેશોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં તેમણે કહ્યું કે યુદ્ધ અને અશાંતિની ચર્ચા વચ્ચે સભ્યતાગત સંવાદ માત્ર ઔપચારિક મંચ નથી, પરંતુ વિશ્વને દિશા આપી શકે છે. મોદીએ જણાવ્યું કે સામ્રાજ્યોએ વિશ્વનો નકશો બદલ્યો છે, પરંતુ સભ્યતાગત સંવાદોએ વિશ્વની વિચારધારા બદલી છે.

તેમણે ઉમેર્યું કે આશરે 5,000 વર્ષ પહેલા સિંધુ ખીણની સભ્યતા અને મેસોપોટેમિયા વચ્ચે વેપારી સંબંધો હતા, જ્યારે ભારત, ચીન, મધ્ય એશિયા અને યુરેશિયા પ્રાચીન માર્ગોથી જોડાયેલા હતા. 21મી સદીની ડિજિટલ ટેકનોલોજીથી જ્ઞાન અને સંસ્કૃતિનું આદાન-પ્રદાન સરળ બન્યું છે, જેનો એસસીઓ દેશોએ લાભ લેવો જોઈએ. તેમણે એસસીઓ દેશોમાં સ્થિત સંગ્રહાલયો, પુસ્તકાલયો અને આર્કાઈવ્સમાં સચવાયેલી પ્રાચીન હસ્તપ્રતો અને દુર્લભ ગ્રંથોને ટેકનોલોજી દ્વારા નવી પેઢી સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો હતો.

દિલ્હીના 'પુરાના કિલ્લા' ખાતે યોજાયેલા ત્રણ દિવસીય સંમેલન (20થી 22 નવેમ્બર) અગાઉ મોદીએ મહાભારત સ્કૂલ પેવેલિયન અને 'અસ્તિત્વ' પ્રદર્શનની મુલાકાત

...અનુસંધાન પાના 5 પર

SCO સાંસ્કૃતિક સંવાદમાં ભાગ લેવા મુસદ્દીક મલિક આવી પહોંચ્યા

પાકિસ્તાનના 'ભારત શત્રુ' મંત્રી દિલ્હી આવતા ભારે વિવાદ

આ જ મંત્રીએ ભારતને 'હાથ કાપી નાખવાની' ધમકી આપી હતી

કોંગ્રેસ સહિતના વિપક્ષોનો સરકાર પર બેવડા ધોરણો અને બાંધછોડનો આક્ષેપ

સરકારે કહ્યું કે તેમને આમંત્રણ માત્ર બહુપક્ષીય જવાબદારી તરીકે અપાયું છે

નવી દિલ્હી, તા. 20 : શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO) સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમમાં હાજરી આપવા માટે શુક્રવારે પાકિસ્તાનના આબોહવા પરિવર્તન મંત્રી મુસાદિક મલિકના નવી દિલ્હી આગમનથી ભારતમાં સરકારની પાકિસ્તાન નીતિ અંગે તીવ્ર રાજકીય ચર્ચા શરૂ થઈ ગઈ છે. મે ૨૦૨૩ પછી કોઈ પાકિસ્તાની સંઘીય મંત્રીની આ પ્રથમ ભારત મુલાકાત છે અને મે ૨૦૨૫માં પહલગામ આતંકી હુમલા તથા ભારતની આતંકવાદ વિરોધી સૈન્ય કાર્યવાહી 'ઓપરેશન સિંદૂર' પછીની આ પ્રથમ ઉચ્ચ-સ્તરીય મુલાકાત છે.

વિરોધ પક્ષોએ આતંકવાદ અને રાજદ્વારી સંવાદ અંગેના વલણને લઈને ભારતીય જનતા પક્ષની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર 'અસંગતતા અને બેવડા ધોરણો' અપનાવવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના સાંસદ પ્રમોદ તિવારીએ મલિકના સમાવેશની ટીકા કરતા, ભારત દ્વારા સિંધુ જળ સંધિ સ્થગિત કરવા અંગે મલિકની અગાઉની આક્રમક નિવેદનબાજીને યાદ કરી હતી, જે દરમિયાન મલિકે ચેતવણી આપી હતી કે પાકિસ્તાનના પાણીને સ્પર્શનાર કોઈપણ વ્યક્તિના હાથ 'કાપી નાખવામાં આવશે'. તિવારીએ કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન મલિકની ભાષા 'આતંકવાદીઓની ભાષા' હતી અને દલીલ કરી હતી કે આતંકવાદ અને વાતચીત સાથે-સાથે ચાલી શકે નહીં. કોંગ્રેસના નેતા સુરેન્દ્ર રાજપૂતે પણ આરોપ

...અનુસંધાન પાના 5 પર



સિરાજની પ્લેઇંગ ઇલેવમાંથી બાદબાકી હવે રાજકીય ઘમાસાણનો મુદ્દો બની

કોંગ્રેસ સાંસદ ઇમરાન મસૂદે સિરાજ મુસ્લિમ હોવાથી તેને પ્લેઇંગ ઇલેવનમાંથી બાકાત રખાયો હોવાનો આરોપ મૂક્યો

કેન્દ્રિય મંત્રી રિજિજુએ ધર્મના આધારે ભેદભાવની વાત નકારી, ભાજપે રમતનું રાજકારણ કરવા સામે કોંગ્રેસની ટીકા કરી

નવી દિલ્હી : વેલિંગ્ટનમાં બેસિન રિઝર્વ ખાતે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ માટે પ્લેઇંગ ઇલેવનમાંથી ઝડપી બોલર મહંમદ સિરાજને બાકાત રાખવાનો મુદ્દો હવે રાજકીય મેદાનમાં પહોંચી ગયો છે. સહારનપુરના કોંગ્રેસના સાંસદ ઇમરાન મસૂદે ભારતીય ટીમમાંથી સિરાજને બાકાત રાખવા અંગે સવાલ ઉઠાવીને તેને તેના નામ અને ઓળખ સાથે જોડ્યો છે. મસૂદ કહે છે કે વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઇકલમાં ભારતનો સૌથી સફળ બોલર હોવા છતાં, સિરાજને બહાર બેસાડવો સમજણ બહારનો મુદ્દો છે. જો કે સામે પક્ષે ભાજપે રમતમાં રાજકારણ ન ભેળવવાની વાત કરીને કોંગ્રેસની ટીકા કરી છે.

સિરાજની બાદબાકી પર તીવ્ર પ્રતિક્રિયા આપતા, ઇમરાન મસૂદે કહ્યું કે તેનું તાજેતરનું પ્રદર્શન તેને ટીમમાં સ્થાન મેળવવા માટે પૂરતું હોવું જોઈએ. આ નિર્ણય પાછળના હેતુ પર સવાલ ઉઠાવતા, કોંગ્રેસના સાંસદે કહ્યું, તેનું નામ સિરાજ છે, શું તે પૂરતું નથી? જો તે સારું પ્રદર્શન કરી રહ્યો છે અને છતાં પણ તેની પસંદગી થઈ રહી

...અનુસંધાન પાના 5 પર



ભારતીય વાયુસેના પાસે ચાર રાફેલ ઓછા થયા હોવાનો બ્રિટિશ મેગેઝીનનો દાવો

ભારતે ફ્રાન્સ પાસેથી 36 રાફેલ જેટ ખરીદ્યા હતા, હાલમાં 32 જ છે એમ 'ફ્લાઇટગ્લોબલ'ની ડિરેક્ટરીમાં જણાવાયું

આ અહેવાલ ફગાવતા ભૂતપૂર્વ વાઇસ ચીફ તિવારીએ આ મેગેઝીનને તેના સ્ત્રોતોનું ફેરમૂલ્યાંકન કરવા કહ્યું

નવી દિલ્હી, તા. 20 : ભારતીય હવાઈ દળ પાસે ચાર સક્રિય રાફેલ ફાઈટર જેટ ઓછા હોવાનો દાવો કરતા એક બ્રિટિશ એવિએશન મેગેઝિનના વિવાદાસ્પદ અહેવાલને ગયા વર્ષના 'ઓપરેશન સિંદૂર' દરમિયાન સેવા આપી ચૂકેલા વાયુસેનાના ભૂતપૂર્વ વાઇસ-ચીફ દ્વારા ફગાવી દેવામાં આવ્યો છે. ભારતે અત્યાર સુધીમાં ફ્રાન્સ પાસેથી 36 રાફેલ જેટ ખરીદ્યા છે, પરંતુ 'ફ્લાઇટગ્લોબલ'ની તાજેતરની 'વર્લ્ડ એર ફોર્સીસ' ડિરેક્ટરીમાં ભારતમાં કાર્યરત આ વિમાનોની સંખ્યા 32 દર્શાવવામાં આવી છે, જેના કારણે વિવાદ ઊભો થયો છે.



ફ્લાઇટગ્લોબલના અહેવાલમાં ભારતીય વાયુસેના પાસે રાફેલ જેટની ઘટેલી સંખ્યા અંગે કોઈ સ્પષ્ટતા કે પુરાવા આપવામાં આવ્યા નથી. આ અહેવાલ પર પ્રતિક્રિયા આપતા એર માર્શલ નર્મદેશ્વર તિવારી (નિવૃત્ત) એ આ આંકડાઓને 'સદંતર ખોટા' ગણાવ્યા હતા અને એવિએશન મેગેઝિનના સ્ત્રોતોની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા હતા. ગયા વર્ષે

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૦-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૧.૬° સે.	૨૦.૨° સે.	33%